ગાંધીનગર સમાચાર

### આરસોડાની યુવતીની છેડતી કરતા ફરિયાદ

પ્રાંતિજ તાલુકાના આરસોડાના નવા ગામે રહેતી એક યુવતીની સોમવારે ગામના જ નરેન્દ્રભાઈ ઉર્ફે લાલો જયંતિભાઈએ દૂધ આપવાના બહાને બાઈક પર બેસાડી પોતાના તબેલા પર લઈ જઈ તેણીની છેડતી કરાતા આ અંગે લક્ષ્મીબેન વિનુભાઈ ચમારે નરેન્દ્રભાઈ વિરૂદ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### તાજપુર કેમ્પની મહિલાને ત્રાસ અપાતા ફરિયાદ

તલોદ તાલુકાના તાજપુર કેમ્પ ખાતે રહેતા કલ્પનાબેન પંડ્યાને તેમના પતિ અશ્વિનભાઈ પંડ્યા, સસરા વલ્લભભાઈ પંડ્યા, કાશીબેન પંડ્યા, મુકેશભાઈએ અવારનવાર શારીરિક અને માનસિક ત્રાસ આપી તારા બાપાના ઘરેથી કઈ દહેજ લાવી નથી તેમ કહી પજવણી કરતા હતા. કલ્પનાબેને તલોદ પોલીસ સ્ટેશનમાં પતિ સહિત ચાર સાસરીયા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

### ઈડરમાં વિશ્વ એઈડ્સ દિન નિમિત્તે રેલી

વિશ્વ એઈડ્સ દિનની ઉજવણી અંતર્ગત મંગળવારે ઈડરમાં જાગૃતતા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી ઈડરની સ્કૂલ ઓફ નર્સીંગ, આત્મવલ્લભ હોસ્પિટલ તથા નરોત્તમ લાલભાઈ ટ્રસ્ટના ઉપક્રમે યોજાઈ હતી. જેની શરૂઆત આત્મવલ્લભ હોસ્પિટલ થઈ હતી. ત્યારબાદ આ રેલી બસ સ્ટેન્ડ થઈને જાહેર માર્ગો પર થઈ રેફરલ હોસ્પિટલમાં પૂર્ણ થઈ હતી.

# પરિવર્તન કે પુનરાવર્તન : આજે ફેંસલો

## ઉમેદવારોનો ભાવીનો ફેંસલો થશે ચોરે અને ચૌટે એક જ ચર્ચા કોણ જીતશે અને કોણ હારશે ?

સાબરકાંઠા, તા. ૧

સાબરકાંઠા જિલ્લા પંચાયત, ૮ તાલુકા પંચાયત અને હિંમતનગર નગરપાલિકાની મળી ૨૪૩ બેઠકો માટે રવિવારે મતદાન થયું હતું. જેની મતગણતરી મંગળવારે દરેક તાલુકા મથકે થશે. જેના કારણે મતદારો પરિવર્તન કે પુનરાવર્તન ઈચ્છે છે તે બપોર સુધીમાં સ્પષ્ટ થઈ જશે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ગત ચૂંટણીની વાત કરીએ તો જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં ૬૩ ટકા મતદાન થયુ હતુ. જેમાં આ વખતે ૧૦ ટકા વધારો થયો છે, જ્યારે હિંમતનગર નગરપાલિકામાં આ વખતે ૬૨ ટકા મતદાન થયું છે, જે ગત ચૂંટણીની સરખામણીમાં ૫ ટકા વધુ છે. જોકે પાટીદાર વસ્તી ધરાવતા વિસ્તારોમાં જે મતદાન થયુ છે તેના કારણે ભાજપ અને કોંગ્રેસ માટે ચિંતાનો વિષય છે.

જિલ્લા પંચાયતની ૩૬ બેઠકો પૈકી સૌથી વધુ મતદાન વડાલી તાલુકાની નાદરી બેઠક માટે ૮૧.૯૪ ટકા, જ્યારે સૌથી ઓછુ મતદાન વિજયનગર બેઠક પર ૬૩.૮૭ ટકા નોંધાયું છે. ૮ તાલુકા પંચાયતની બેઠકો માટે રવિવારે યોજાયેલા મતદાનમાં ખેડબ્રહ્મા તાલુકાની વાલરણ બેઠક પર ૮૭.૯૪ ટકા સૌથી વધુ, જ્યારે હિંમતનગર તાલુકાની બળવંતપુરા બેઠક પર ૫૧.૭૨ ટકા મતદાન નોંધાયું હતું. જે સૌથી ઓછુ છે.

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયતની સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીની મતગણતરી આજે ભિલોડા આર. જી. બારોટ એજ્યુકેશન કેમ્પસમાં યોજાશે.તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયતના ઉમેદવારોનો ભાવીનો ફેસલો થશે ભિલોડા તાલુકામાં ઠેર-ઠેર ચોરે અને ચૌટે એક જ ચર્ચા કોણ જીતશે અને કોણ હારશે? પરીવર્તન થશે કે પુનરાર્વતન?

ભિલોડા તાલુકામાં સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીમાં ભિલોડા તાલુકામાં મુનાઈ તાલુકા પંચાયતની સીટમાં સૌથી વધુ વિક્રમજનક ૭૪.૪૫ ટકા મતદાન મતદારોએ કર્યુ હતું. દહેગામડા તાલુકા પંચાયત સીટમાં સૌથી ઓછું મતદાન ૫૨.૩૫ ટકા મતદારોએ કર્યુ હતું. ભિલોડા તાલુકામાં જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચુંટણીમાં ભારે રસાકસી ભર્યો માહોલ જોવા મળ્યો હતો. આ વખતે રાજકીય પંડીતોના વિશ્લેષણો સાચા પડે છે કે ઉંધા પડે છે તે તો હવે મતગણતરી થયા પછી જ ખબર પડશે તેમ લોકમુખે જાણવા મળેલ છે.

ભિલોડા તાલુકાના જાગૃત મતદારોએ તો તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયતના ઉમેદવારોની ઉંઘ હરામ કરી નાખી હતી. મતદારોમાં અનેરો આનંદ, ઉત્સાહ જોવા મળતો હતો. મતગણતરી ઉપર સૌ-કોઈની મીટ મંડાયેલી જોવા મળી રહી છે. ભિલોડા તાલુકામાં ભાજપ, કોંગ્રેસ, એન.સી.પી. અને અપક્ષ ઉમેદવારો હાર જીત અંગે અવનવા સમીકરણો અને ગણિત માંડી રહ્યા છે પરંતુ આજે સવારે ૯:૦૦ વાગ્યે માતગણતરી થયા બાદ જાણી શકાશે કે કયો ઉમેદવારો હાર્યો અને ક્યો ઉમેદવારો જીત્યો ?

મંગળવારે સવારે ૮ વાગ્યે દરેક તાલુકા મથકે મતગણતરીની પ્રક્રિયા શરૂ થશે. જે અંતર્ગત વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવાયો હતો.

### પાટીદાર ફેક્ટર હાર-જીત માટે મહત્વનું

જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને હિંમતનગર નગરપાલિકામાં થયેલ વિક્રમી મતદાન બાદ વિશ્લેષકોનું માનવું છે કે આ વખતે પાટીદાર ફેક્ટર ઉમેદવારોની હાર-જીત માટે મહત્વનું હશે. જેની સૌથી વધુ અસર હિંમતનગર,વડાલી, ઈડર, તલોદ અને પ્રાંતિજ તાલુકામાં દેખાય તેવી શક્યતા છે. જો કે આ વખતે ભાજપને ફટકો પડે તેવા સમીકરણો મતદાન અગાઉથી જ રચાયા હોવાને કારણે હિંમતનગર નગરપાલિકા સહિત જિલ્લા અને તાલુકા પંચાયતમાં એક જ પક્ષના ઉમેદવારો ચૂંટાવાની શક્યતા ખૂબ જ નહિવત છે.

પાટીદાર અનામત આંદોલનને લઈને જિલ્લામાં ચાર તાલુકામાં તેની વધુ અસરો હતી. જેના કારણે આ વખતે ચૂંટણીમાં ભાજપને ઓછી બેઠકો મળે તેવું રાજકીય નિષ્ણાંતોનું માનવું છે. જોકે સાચી હકીકત તો બુધવારે પરિણામ જાહેર થયા બાદ જ ખબર પડશે.

### બનાસડેરીની ચૂંટણી : દાંતીવાડા અને ધાનેરા બેઠક બિન હરીફ

એશિયાની પ્રથમ હરોળની ગણાતી બનાસડેરીની ચૂંટણી



ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા સંપન્ન થયા બાદ આજે જિલ્લા મથક ખાતે દાંતીવાડા બેઠક પરના ૨ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પાછી ખેંચતા આ બેઠક પર સ્થાનિક પરથી ભાઈ ગુડોલ ઉમેદવાર રહેતા હવે તે બિન હરીફ કરાશે. આજે



દાંતીવાડા બેઠક પરથી પરથીભાઈ ગુડોલ પણ બિન હરીફ જાહેર થયા છે. ત્યારે આજે પરથીભાઈ ગુડોલની જીત વર્તમાન પેનલ માટે ખુશીનું કારણ બનવા પામી છે. જો કે ધાનેરા વિભાગમાંથી પટેલ દજાભાઈ લુંબાભાઈ અને પટેલ ઉમાભાઈ દલાભાઈ પોતાનું ઉમેદવારી પત્ર પરત ખેંચતા હવે ધાનેરા વિભાગ જોઈતાભાઈ પટેલ બિનહરિફ થયા હતા.



### ખેડબ્રહ્મા પૂલ પર ટ્રકનું ટાયર ફાટતા ટ્રાફીક જામ

ખેડબ્રહ્માના હરણાવ નદીના પૂલ પર એક ટ્રકનું ટાયર ફાટતા ભારે ટ્રાફીક જામ થયો હતો. સોમવાર રાત્રે અંબાજી તરફથી પથ્થર પાવડર ભરી આવતી ગાડી નં. જીજે૯.૭૮૬૯ નંબરની ટ્રકનું ટાયર ફાટી જતાં પૂલની રેલીંગે ગસડાઈ ઉભી રહી ગઈ હતી અને જાનહાની ટળી હતી. પણ સવારે પૂલ પર ભારે ટ્રાફીકની સમસ્યા સર્જાઈ હતી.

## ખેતીકામ માટે લઈ ગયેલ મિત્રનો બળદ મિત્રએ વેચી નાખ્યો

કાંકરેજ, તા. ૧

કાંકરેજ તાલુકાના કંબોઈ ગામે રહેતા ખેડૂતે પોતાના મિત્રને ખેતીકામ માટે અઠવાડીયા અગાઉ બળદ ઉછીનો આપ્યો હતો. જે મિત્રએ આ બળદને બારોબાર વેચી નાખતા બળદના માલિકે આ મામલે શિહોરી પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી.

કાંકરેજ તાલુકાના કંબોઈ ગામે રહેતા પ્રહલાદભાઈ પ્રભાતજી સોલંકી ખેત મજૂરી કરી પોતાનું ગુજરાન ચલાવે છે. ગત ૨૫મીના રોજ ઊંઝા ખાતે રહેતા તેમનો મિત્ર ખેતીકામ અર્થે પ્રહલાદજીનો બળદ લઈ ગયો હતો અને બળદ પાંચ દિવસ પછી પરત કરવાનો વાયદો કરી ગયો હતો. પાંચ દિવસ બાદ બળદના માલિક પ્રહલાદજી બળદ પરત લેવા ગયા તો તુ હવે બળદ લેવા આવ્યો છે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને બળદ કતલ ખાનામાં મોકલી આપ્યો છે. આ બનાવ અંગે પ્રહલાદજી સોલંકીએ શિહોરી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

### મહિલાને ત્રાસ અપાતા પાંચ વિરૂદ્ધ ફરિયાદ

ઈડર તાલુકાના કડીયાદરા ગામે રહેતા સલમાબેન મોહંમદભાઈ મનસુરીને આરીફભાઈ જાનુભાઈ મનસુરી, જાવેદભાઈ જાનુભાઈ મનસુરી, નસીનબેન મનસુરી, એજાજભાઈ મનસુરી અને સમીમબાનુ મનસુરીએ સલમાબેનને અવારનવાર દહેજની માંગણી કરી મારઝુડ કરવામાં આવતી હતી. તથા આરીફભાઈ મનસુરીએ સલમાબેનની સંમતિ વિના બીજુ લગ્ન કરી છુટાછેડા લેવા દબાણ કરાતુ હતુ અને જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવતી હતી. જેથી સલમાબેન મનસુરીએ પાંચેય જણા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

## વદરીમાં જમીન બાબતે ઝઘડો થતાં ભાણીયાને માર મારતા ફરિયાદ

હિંમતનગર, તા. ૧

વિજયનગર તાલુકાની વદરી ગામે ગત ૨૫મી તારીખે જમીન બાબતે માસીયાઈ ભાઈ-ભત્રીજાઓએ ભાણીયાને માર મારતા વિજયનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. જે અંગે પોલીસે ગુનો નોંધી તપાસ આરંભી છે.

વિજયનગર પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર વદરી ગામની કોકીલાબેન ચંદુભાઈ અસારીના માસીયાઈ ભાઈઓ સોમાજી, કમલેશ ગામમાં જ રહી ખેતી કરે છે. જેમણે કોકીલાબેન સાથે ગત તા. ૨૫મી નવેમ્બરના રોજ કોકીલાબેન સાથે તારી પાસે જમીન વધારે છે તેમ કહી તકરાર કરી હતી. જેથી કોકીલાબેનના પુત્રએ અપશબ્દો બોલવાની ના પાડી હતી. જેથી સોમાજીના દિકરો નટવર અસારી એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને નરેશને માથામાં લાકડી વડે માર માર્યો હતો. જ્યારે સોમાજી, કમલેશ, દિનેશ અસારીએ નરેશને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેમાં ઘાયલ નરેશને દવાખાને સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો. જે અંગે કોકીલાબેન ચંદુભાઈ અસારીએ તેમના માસીયાઈ ભાઈઓ સોમાજી થાવરાજી, કમલેશ થાવરાજી અને ભત્રીજા નટવર અને દિનેશ સોમાજી અસારી વિરૂદ્ધ વિજયનગર પોલીસ મથકમાં મંગળવારે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ આરંભી છે.





### મોડાસામાં વિશ્વ એઈડ્સ દિવસ નિમિત્તે વિશાળ રેલી યોજાઈ

આજે વિશ્વ એઈડ્સ દિવસ છે ત્યારે લોકોમાં એઈડ્સના રોગ વિષે જાગૃતિ આવે તેવા આસયથી અરવલ્લી જિલ્લાના મોડાસામાં વિવિધ નર્સિંગ કોલેજોના ઉપક્રમે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં ૩૦૦થી વધુ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આ એઈડ્સ જાગૃતિ રેલી મોડાસાના વિવિધ વિસ્તારોમાં ફરી હતી. જેમાં વિદ્યાર્થીઓએ વિવિધ નાટકો રજુ કરી લોકોને એઈડ્સના રોગ પ્રત્યે જાગૃતિ લાવવા પ્રયાસ કર્યો હતો. એઈડ્સ એ ગંભીર રોગ નથી પરંતુ તેના બાબતે સજાગતા રાખવી જરૂરી છે. આ રોગનો ફેલાવો ચુંબન કરવાથી, હાથ મિલાવવાથી, સાથે જમવાથી કે જોડે રહેવાથી ફેલાતો નથી. પરંતુ લગ્ન પહેલા અસુરક્ષિત જાતીય સમાગમ કરવાથી કે એઈડ્સના ચેપવાળી સોય દ્વારા ઈન્જેક્શન આપતા એઈડ્સનો ફેલાવો થાય છે. ત્યારે આ રોગ બાબતે સજાગતા રાખવી જોઈએ. ગુજરાતમાં ૬૫ હજાર એઈડ્સના દર્દીઓ છે જેમાં ૩૩ હજાર મહિલા એઈડ્સના દર્દીઓ છે. જેની સંખ્યા હવે ધીમે ધીમે ઘટી રહી છે. જેને લઈને લોકોમાં અવરનેસ વધી હોય તેવું કહી શકાય છે.

## અરવલ્લીમાં શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમની શરૂઆત


મોડાસા, તા. ૧

શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત અરવલ્લી જિલ્લાના શાળાએ જતા, ન જતા, આંગણવાડી, આશ્રમ શાળા, મદ્રેશા તથા રિમાન્ડ હોમના તમામ બાળકોને આવરી લેવાનું આયોજન જિલ્લા વિકાસ અધિકારીશ્રી સુધીર બી. પટેલ તથા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. અમરનાથ વર્માના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનો શુભારંભ ૧-૧૨-૧૫ના રોજથી કરવામાં આવ્યો. જે અંતર્ગત અરવલ્લી જિલ્લાની કુલ ૩૦૧૩ શાળાઓ આવરી લઈ કુલ ૨૮૮૯૨૮ બાળકોની આગામી ૫૦ દિવસમાં આરોગ્ય ચકાસણી કરવામાં આવનાર છે તથા તે પૈકી ગંભીર બીમારી ધરાવતા બાળકોની તજજ્ઞો દ્વારા કાર્યક્રમ દરમિયાન સંદર્ભસેવા વિનામુલ્યે પુરી પાડવામાં આવનાર છે.

## મુંબઈના સિદ્ધિ વિનાયક મૂર્તિની આબેહૂબ મૂર્તિ મોડાસામાં આકર્ષણનું કેન્દ્ર

મોડાસા, તા. ૧

મંગલકારી મંગળવાર ગણપતિ દાદાની આરાધના માટે શ્રેષ્ઠ ગણાય છે. ત્યારે અમે આજે તમને અરવલ્લી જિલ્લાના મોડાસામાં આવેલું એવા સિદ્ધિ વિનાયક મંદિરના દર્શને લઈ જઈ રહ્યા છીએ જેની મૂર્તિ મુંબઈના સિદ્ધિવિનાયક મંદિરની આબેહૂબ છે. જે તમામ ભક્તોની મનોકામના પુરી કરે છે.



અરવલ્લી જિલ્લાના ધુનાઈ રોડ પર આવેલું સિદ્ધિવિનાયક મંદિર અતિ પૌરાણિક છે. આ મંદિરની સ્થાપના ૨૫૦ વર્ષ પહેલા કરવામાં આવી હતી. આ મંદિરમાં ગણપતિ દાદાની જે મૂર્તિ છે તે સ્વયંભૂ છે. મૂર્તિની વિશેષતા એ છે કે જમણી સૂંઢના ગણપતિના ભાગ્યે જ દર્શન કરવા મળતા હોય છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં આ એક માત્ર એવું ગણેશ મંદિર છે કે જ્યાં જમણી સૂંઢના ગણપતિ બિરાજમાન છે. ભક્તોની મંદિર પ્રત્યેની આસ્થા એટલી બધી છે કે દર મંગળવારે ભક્તો દાદાના દર્શને અચૂક આવતા હોય છે. મંદિરમાં બિરાજમાન ગણેશજી અને તેમના સાથી આવા ઉંદર પણ તેમની સાથે છે.

મોડાસામાં આવેલું આ સિદ્ધિવિનાયક મંદિર મુંબઈમાં આવેલા સિદ્ધિવિનાયક મંદિરના આબેહૂબ છે. જે શ્રદ્ધાળુઓ મુંબઈના સિદ્ધિવિનાયક મંદિરે દર્શને ના જઈ શકે તેઓ આ મંદિરના દર્શને આવીને પોતાની આસ્થા પુરી કરે છે. ગણપતિ દાદાની ભક્તિ માટે મંગળવારનો દિવસ વિશેષ છે. ત્યારે મંગળવારે ભક્તો મોટી સંખ્યામાં દાદાના દર્શને આવતા હોય છે. મોડાસાના સિદ્ધિવિનાયક ગણપતિજી દરેકની માનતા પુરી કરે છે જેથી ભક્તિ પોતાની શક્તિ અનુસાર પ્રશાદી ભેટ ધરતા હોય છે. નિઃસંતાન દંપતીને સંતાન પ્રાપ્તિ કરાવતા હોવાની છે માન્યતા. લોકોની ઈચ્છા અને અપેક્ષાઓ પુરા કરતા હોવાથી તેઓ લોકોની આસ્થાનું પ્રતિક બન્યા છે.

મુંબઈના સિદ્ધિવિનાયક મંદિરની આબેહૂબ અને જમણી સૂંઢવાળા ગણપતિ ભક્તોની મનોકામના પૂર્ણ કરે છે ભક્તો જમણી સૂંઢના ગણપતિના દર્શન કરી ધન્યતા અનુભવે છે.

## વાંટડા ગામે જીપમાંથી ૮૦ હજારનો વિદેશી દારૂ ઝડપાયો : બુટલેગર ફરાર

મોડાસા, તા. ૧

અરવલ્લી જિલ્લાના ધોરીમાર્ગનો વિદેશી દારૂની હેરાફેરી અને ગુજરાત રાજ્યમાં વિદેશી દારૂ ઘુસાડવા માટે મહત્તમ ઉપયોગ બુટલેગરો દ્વારા કરવામાં આવી રહ્યો છે. મોડાસા તાલુકાના વાંટડા ગામ લોકોની સતર્કતાથી મોડાસા રૂરલ પોલીસે ટાટા સુમો જીપ ગાડીમાંથી ૮૧,૬૦૦નો વિદેશીદારૂ ઝડપી પાડ્યો હતો. મોડાસા રૂરલ પોલીસે ફરાર બુટલેગર વિરૂદ્ધ પ્રોહીબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર સોમવારે રાત્રે ૮ કલાકે મોડાસા તાલુકાના વંટડા ગામમાંથી વિદેશી દારૂની ગેરકાયદેસર વગર પાસપરમીટે હેરાફેરી કરતી ટાટા સુમો ગોલ્ડ કાર ગામ લોકોના સતર્કતાથી ઝડપી પાડી હતી. ટાટાસુમો ગોલ્ડ જીપગાડીમાં ખૂચોખીચ વિદેશી દારૂ ભરીને નિકળેલો બુટલેગર વાંટડા ગામની ભૌગોલિક પરિસ્થિતિથી અજાણ હોવાથી મુખ્યમાર્ગેથી અંતરિયાળ માર્ગ તરફ વાંટડા ગામમાંથી નીકળી જવાની આશયે નિકળેલો બુટલેગર વાંટડા ગામમાં થઈને આગળ નિકળવાનો રસ્તો ન મળતા ગભરાઈ ગયો હતો. અને ગામની પ્રાથમિક શાળાની નજીક ખોદાયેલી ગટરલાઈનમાં જીપગાડી ખાબકી હતી. ગામલોકોએ ગટરના ખાડામાં ફસાયેલી વિદેશી દારૂથી ભરેલી હોવાથી અજાણ ગામલોકોએ જીપગાડી ઉંચકવા લાગતા જીપગાડીમાં વજન વધારે હોવાથી જાગૃત ગામલોકોએ જીપગાડીની અંદર તપાસ કરતાં ગાડીમાંથી વિદેશી દારૂ અને બીયરનો જથ્થો હોવાનું જાણી ચોકી ઉઠ્યા હતા. આ ઘટનાની જાણ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને કરતા મોડાસા રૂરલ પોલીસે તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી જીપગાડીને ક્રેનની મદદથી બહાર કાઢી મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને લઈ આવી ગાડીની તલાશી હાથ ધરતાં જીપગાડીમાંથી વિદેશીદારૂની ૭૫૦ એમ.એલ.ની ૯૬ બોટલો કિંમત રૂ. ૩૪,૪૦૦ તથા હેવર્ડઝ





૫૦૦૦ સ્ટ્રોંગ બીયરના ટીન નંગ ૪૩૨ કિંમત રૂ. ૪૩,૨૦૦ મળી કુલ ૮૧,૬૦૦નો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. મોડાસા રૂરલ પોલીસે ગેરકાયદેસર વિદેશી દારૂની હેરાફેરી કરતી ટાટા સુમો ગોલ્ડ જીપ કિંમત રૂ. ૫ લાખ મળી કુલ ૫,૮૧,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરી પ્રોહિબેશન એક્ટ હેઠળ ગુનો નોંધી ફરાર બુટલેગરને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

ટાટાસુમો ગોલ્ડ જીપનો ચાલક ગામલોકોએ જીપગાડીની તલાશી હાથ ધરતાં પકડાઈ જવાના ભયથી તકનો લાભ લઈને ફરાર થઈ ગયો હતો. ગામલોકોએ વિદેશીદારૂની જીપગાડીની અંદર રહેલો વિદેશી દારૂનો જથ્થો અને બિયર પોલીસ પહોંચે ત્યાં સુધી હાથસુદ્ધા લગાડ્યો ન હતો.